---

**વાપી ના મહે.એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.**

---

**ફોજદારી કેસ નં.૩૧૧૯/૨૦૨૬**

**આંક:-૧૫**

**ફરિયાદી:** શ્રી સ ર કા ર.

**વિરુધ્ધ**

**આરોપી:- સચિનકુમાર મનોજકુમાર ઠાકુર**

**રહે.:** નામધા નવીનગરી , મુખુભાઈની ચાલ રૂમ નં.૦૩, તા.વાપી, જી.વલસાડ.

**મુળ રહે.:** ઈજોત ગાવ, પોસ્ટ.દામુ, થાના.બંસોપાતી, જી.મધુબની બિહાર.

**પ્રોહી એક્ટની કલમ-૬૬(૧)બી, ૮૫(૧) મુજબ**

---

**ફરિયાદપક્ષ તરફે -વિ.એ.પી.પી.શ્રી ટી.વી.ચૌધરી**

**આરોપી તરફે-વિ.વ.શ્રી એચ.એ.પટેલ**

---

**-: ઠ રા વ :-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવી પકડાઇ જઇ ગુન્હો કરતાં પ્રોહી એક્ટની કલમ-૬૬(૧)બી, ૮૫(૧) મુજબ પો. સ્ટેશન માં ગુન્હો દાખલ કરવામાં આવેલ. અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ક.અ. દ્વારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસ ના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડી, આક્ષેપિત ગુના સંબંધે આંક:–૦૪ થી તહોમતનામુ ફરમાવી આરોપી ને વાંચી સંભળાવી, સમજાવી આંક:–૦૫ થી જવાબ લેતા આરોપી એ ગુનાનો ઇનકાર કરતા આ કામના આરોપી વિરુધ્ધ ગુનાની ઇનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **–:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::–** | | |
|---|---|---|
| **અનુ. નં.** | **સાહેદનું નામ** | **આંક.** |
| ૧. | પંચ સુરેશભાઈ પરસોત્તમભાઈ ટેલરની જુબાની | ૦૬ |
| ૨. | પંચનામાંની નકલ | ૦૭ |
| ૪. | પંચ રાકેશ હીરાલાલ ગાયકવાડની જુબાની | ૦૮ |
| ૫. | ફરિયાદી યોગેશભાઈ ભગુભાઈની જુબાની | ૦૯ |
| ૬. | ફરિયાદ | ૧૦ |
| ૭. | ડો.નીકીતા રાજેશભાઈ ચુડાસમાની જુબાની | ૧૧ |
| ૮. | ફોર્મ–એ | ૧૨ |
| ૯. | ફોર્મ–બી | ૧૩ |
| ૧૦. | ફોર્મ–સી | ૧૪ |

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ હાલનુ કામ આરોપીના વિશેષ નિવેદનના તબક્કે રાખવામા આવેલ પરંતુ આરોપી અત્રેની કોર્ટમાં પૂરતી તકો આપવા છતાં હાજર રહેલ ન હોય તેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનો તબક્કો નામ. ગુજરાત હાઇકોર્ટ ના ધાંગાધ્રા કેમીકલ વર્કસ લીમીટેડ વિ.હબીબભાઇ જુમ્માભાઇ જામ ના ચુકાદાને અનુસરીને બંધ કરવામાં આવેલ છે. બને પક્ષકારો તરફે દલીલ સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

| | |
|---|---|
| **૧.** | શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવી પકડાઇ જઇ ગુન્હો કરતાં પ્રોહી એક્ટની કલમ-૬૬(૧)બી, ૮૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| **૨.** | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. ૧** :-

( ૭ ) ઉપરોકત મુદ્દાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૮) પુરવાનું મુલ્યાંકન કરતાં પહેલા કાયદાશાત્ર ના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે જે મુજબ ''પુરાવાનું મુલ્યાંકન '' શબ્દ ને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી.પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનું મુલ્યાંકન આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિત દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી ર્કાવાહીમાં નથી હોતી. ફોજદારી

કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૦૯) ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, આ કામે રેકર્ડ પર ના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા હાલના કેસમાં પંચ સાહેદો ને તપાસવામાં આવેલ છે. જે પંચ સાહેદો આરોપી નશો કરેલ હાલતમાં પકડેલ તે બાબતનું પંચનામું કરવામાં આવેલ તેના પંચો છે જેઓએ માત્ર પંચનામામાં સહી કરેલ હોવાની હકીક્ત જણાવેલ છે તે સીવાયની હકિકતોને સમર્થન આપતા ન હોય ફરી ગયેલા જાહેર થયેલ છે. આમ, પંચોની જુબાનીથી પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું ન હોય, પંચનામાની વિગતો સાબીત થયેલી કહી શકાય નહી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા ફરિયાદી ને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં ફરિયાદ મુજબની હકીકત જણાવેલ છે. ત્યારબાદ તેમની ઊલટ તપાસમાં તેઓ એ હકીકત સ્વીકારેલ છે કે, આ કામે બ્રેટ અનલાઇઝરનો ઉપયોગ કરવામાં આવેલ નથી. આરોપીઓ અમોને બીભસ્ય વાણી કે વર્તન કે ચેનચાળા કરતાં કે કોઇની સાથે તકરાર કરતાં, છેડતી કરતાં કે ઉપદ્રવ કરતાં મળી આવેલ નહીં. આરોપીને પુછવામાં આવેલ નામ સરનામા તેઓએ જાતે જ લખાવેલ અને તે મુજબના અમારી ફરીયાદમાં લખવામાં આવેલા. આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નહીં. ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ દ્વારા આરોપી સામેનો તેમનો કેસ સાબિત કરવા મેડીકલ ઓફીસરને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. ચલા ખાતે ફરજ પર હતા દરમિયાન પોલીસ સ્ટેશનના કર્મચારી નાઓ આરોપીએ દારૂ પીધેલ છે કે નહિ તેની ચકાસણી

અર્થે હોસ્પીટલ ખાતે પોલીસ યાદી સાથે આવેલ. જેની તેઓને શારીરિક તપાસ કરી તેનું વર્ણન ફોર્મ–એ માં કરેલ, જેમાં આરોપીનાં મોઢામાંથી દારૂ પીધેલાની વાસ આવતી ન હતી. આરોપીની વાતચીત સામાન્ય હતી. આરોપીની ચાલવાની ક્ષમતા સામાન્ય હતી. આરોપીની આંખની કીકી પહોળી હતી.આ ફોર્મ–એ માં આરોપીની સહી તથા ડાબા હાથના અંગુઠાનું નિશાન તેમનાં રૂબરૂ લીધેલ અને રૂબરૂમાં તેમણે સહી કરેલી જે **ફોર્મ–એ** રજુ કરેલ છે

વધુમાં આ સાહેદ જણાવે છે કે આરોપીનું લોહીનું સેમ્પલ તેમણે જાતે આશરે ૦૫ એમ.એલ જેટલું ફ્લોરાઇડ બલ્બમાં લીધેલ. લોહીનું સેમ્પલ લીધા બાદ બલ્બને બરાબર હલાવેલ જેથી લોહી ગંઠાઇ ના જાય. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન જેનસન વાયોલેટ તેમજ ૦૫ એમ.એલ ની ડીસ્પોજેબલ સીરીઝનો ઉપયોગ કરેલ હતો.સેમ્પલ લેતી વખતે આલ્કોહોલ કે સ્પીરીટ જેવી વસ્તુનો ઉપયોગ કરેલ ન હતો.આ ફ્લોરાઇડ બલ્બને તેઓએ જાતે શીલ કરી ગાંધીનગર એફ.એસ.એલ ખાતે ઓરીજનલ ફોર્મ–બી સાથે મોકલાવેલ જે **ફોર્મ–બી** ની તેમની ઓફીસ કોપીમાં તેમની સહી છે જે રજુ કરેલ છે.

આ સાહેદે વધુમાં જણાવેલ છે કે ગાંધીનગર એફ.એસ.એલ ખાતેથી ફોર્મ–સી અત્રેની હોસ્પીટલ ખાતે આવેલ જે ફોર્મ–સી જોઇને કહે છે કે તેમાં આરોપીનાં લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૧ ગ્રામ પરશેન્ટ કરતાં વધારે હોવાનું જણાય આવેલ જેનું જે **ફોર્મ–સી** રજુ કરેલ છે

(૧૨) ત્યારબાદ બચાવપક્ષની ઊલટ તપાસમાં તેઓ એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપીને જયારે લાવવમા આવેલ ત્યારે પોતાની રીતે ચાલી શકતા હતા. આરોપીની સ્થિતી સામાન્ય હતી અને તે સામાન્ય રીતે બોલી શકતા હતા. ચીકુ જેવા ફળો ખાવાથી મોઢામાંથી દારૂ જેવી સ્મેલ આવે છે. સામાન્ય રીતે કોઇ વ્યક્તિ ને ઉજાગરિ હોય અથવા આંખમાં ઇન્ફેકશન હોય તો તેની આંખ લાલ હોઇ શકે,બ્લડ સેમ્પલ લેતી વખતે નોન આલ્કોહોલીક મર્ક્યુક્રોમ અથવા જેનશોલ વાયોલોટનો ઉપયોગ કરેલ નહી,બ્લડ સેમ્પલ લેવાની કામગીરી આશરે ૦૫ મીનીટ

ચાલેલી,બ્લડ સેમ્પલ લેવામાં આવે તો તેની કાચની શીશીમાં એન્ટીકોગ્યુલન્ટ પ્રિઝરવેટીવ સાથે મેળવવામાં આવે છે, કહેવાતા સેમ્પલ લેતી વખતે કાચની શીશીમાં અગાઉથી જ એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટીવ હતા.તે સિવાયના તમામ સુચનોનો તેઓએ ઇનકાર કરેલ છે.

(૧૩) વધુમાં આરોપીના બ્લડ સેમ્પલ લેવાની પ્રક્રિયા બાબતે નામ. ગુજરાત ઉચ્ચ અદાલતનો **Kalidas Dhulabhai Vaghela Vs. State 1996 (2) G.L.R. 372** ચુકાદો ધ્યાને લેવામાં આવેતો તેમાં એમ ઠરાવવામાં આવેલ છે કે, *It is clear on plain reading of the rule 4 that the blood is to be collected on the syringe and to be transferred into phial containing anti-coagulant and preservative and it has to be done by the doctor. It is not clear from the material on record as to at what point of time the anti-coagulant and preservative were added in the prepared phial which was given to P.W. 3 for the purpose of collection of blood of the accused. This is grave infirmity in the process of collecting the blood of the accused. It is, therefore in clear breach of the Rule 4 The doctor has also admitted that the syringe was made clear and sterilized by the Hospital peon Rule 4 of the said Rules of 1959, inter alia, requires that the blood collected in the syringe shall be transferred into phial containing anti-coagulant and preservative. Admittedly, this was not done by the doctor. This is on violation of the mandatory provision contained in the said Rule 4. This is infirmity is of fatal nature and vitiates the order of conviction.*

(૧૪) તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ નો **ક્રિમી. અપીલ નં.૮૪૪/૨૦૦૩, સ્ટેટ ઓફ**

**ગુજરાત વિરૂધ્ધ બચુભાઈ ખેમાભાઈ ચમારનો** ચુકાદો માન પુર્વક વંચાણે લેતાં, ચુકાદાનાં પેરા નં.૭ મા એવું જણાવવામાં આવેલ છે કે,

*7. It is clear or plain reading of the aforesaid Rule 4 that the blood is to be collected in the syringe and to be transferred into phial containing anti-coagulant and preservative and it has to be done by the doctor. In the present case, the Doctor has stated in his chief-examination that drew 5cc blood from the body of the accused and thereafter, transferred the same in phial which had been sterilized from prior and which phial contained anti-coagulant powder and preservative.* ***There is nothing on record to show as to what point of time the anti-coagulant and preservative were added in the prepared phial which was given to PW-4 for the purpose of collection of blood of the accused or as to who added the said anti-coagulant and preservative in the phial****. Though an attempt has been made by the Doctor to clarify in his cross examination that the phials are prepared in the hospital in accordance with rules and he has also denied the suggestion that the ready phials were being supplied from the Health Department, it is not in dispute that the doctor has received a ready phial containing anti coagulant and preservative and that they were not added by the Doctor himself. This is a grave infirmity in the process of collecting the blood of the accused and is violative of the mandatory provision contained in Rule 4.*

(૧૫) તેથી, હાલના કેસમાં પણ મેડીકલ ઓફિસર દ્વારા આરોપીનું બ્લડ લીધા બાદ ક્યારે એન્ટી–કોએગ્યુંલન્ટ અને પ્રિઝરવેટીવ ઉમેરવામાં આવેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા તેમની જુબાની માં કરવામાં આવેલ નથી. વધુમાં તેઓએ એમની જુબાનીમાં ક્યાં પ્રકારના એન્ટી–કોએગ્યુંલન્ટ અને પ્રિઝરવેટીવનો ઉપયોગ કરેલ છે તે પણ જણાવેલ નથી. તેમજ તેઓએ બ્લડ સેમ્પલ લેતી વખતે કાચની શીશીમાં કેટલા પ્રમાણમાં એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટીવ મેળવ્યા હતા તે જણાવેલ નથી. તેથી નિયત માત્રામાં એન્ટી–કોએગ્યુંલન્ટ અને પ્રિઝરવેટીવ ઉમેરેલા કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે અને તે શંકાનો લાભ ઉપરોક્ત નામ. ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા પ્રમાણે આરોપીને આપવો ન્યાયોચિત જણાય છે.

(૧૬) વધુમાં આ કામે આરોપી સામે ધી ગુજ. પ્રોહી. એક્ટની કલમ ૮૫ મુજબનો પણ આરોપ છે. તેથી કલમ ૮૫ વંચાણે લેતા તેમજ આ કામે આરોપી સામેની ફરિયાદ તેમજ ચાર્જશીટ સાથે રજૂ થયેલ પેપર્સ તેમજ સાહેદોના નિવેદન વંચાણે લેતા આરોપી સામે માત્ર આરોપી સામે જાહેરમાંથી વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં લથડિયા ખાતો તેજ બકવાસ કરતો મળી આવેલ હોવાનો આરોપ છે તેથી આરોપી સામે ધી ગુજ. પ્રોહી. એક્ટની કલમ–૮૫ ના ગુન્હાના કોઈ તત્વો રીતે જોવા મળતા નથી.

(૧૭) વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતના કૈલાસ ગૌર વિ. સ્ટેટ ઓફ આસામ ના ચુકાદામાં ઠરાવેલ છે કે જ્યાં સુધી આરોપી ગુન્હેગાર છે તે સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેમ માનવાનો ક્રિમીનલ જ્યુરીસ્પૃડેન્સનો સિધ્ધાંત છે. તેમજ તે પર્યાપ્ત રીતે પ્રસ્થાપિત છે કે શંકા ગમે તેટલી મજબુત ન હોય પરંતુ તે સાબિતીનું સ્થાન ન લઈ શકે. તેમજ આરોપીએ ગુન્હો કર્યો હોય શકે અને કર્યો જ છે તેમાં ખરેખર ઘણું લાંબુ અંતર છે તે અંતર ફરીયાદપક્ષ દ્વારા સચોટ અને ભરોશાપાત્ર પુરાવો આપીને કાપવાનું છે. આરોપીના નિર્દોષપણા નું અનુમાન સ્વીકારાયેલ માનવ અધિકાર છે.

(૧૮) આમ, સદરહુ પ્રોસીકયુશન નો સમગ્ર પુરાવો જોતા સદર કામે પંચસાહેદ માત્ર સહી

કરેલની હકીકતને સમર્થન આપે છે તે સિવાય પંચનામાંની હકીકતોને સમર્થન કરતા નથી. વધુમાં મેડીકલ ઓફીસરની જુબાની ધ્યાને લેતા તેમાં તેઓ દ્વારા આરોપીના બ્લડ લીધેલ બલ્બમાં ક્યારે કેટલી માત્રમાં  એન્ટી કોએક્યુલેગન્ટ અને પ્રીઝર્વેટીવ તે જણાવેલ નથી. વધુમાં તેઓ તેમની જુબાનીમાં બલ્બમાં પહેલેથી એન્ટી કોએક્યુલેગન્ટ અને પ્રીઝર્વેટીવ નાખેલ હતા તેમ જણાવેલ છે. ધી બોમ્બે પ્રો હીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ,૧૯૫૯નાં નિયમ-૪ ના મેન્ડટરી નિયમો નો ભંગ થયેલ જણાય આવતુ હોય. તેમજ ફરીયાદ આપ્યા પહેલા પંચનામું કવામાં આવેલ હોવા છતાં ફરીયાદીએ ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી તેવી હકીકત ફરીયાદીએ સ્વીકારેલ છે. તેથી ફરીયાદપક્ષના પુરાવામાં ઘણી તૃટીઓ રહેલ છે. જેનો લાભ આરોપી ને મળવો જોઈએ. ફોજદારી ન્યાયશાત્રનો એ નિયમ છે કે ફરિયાદપક્ષે આરોપી સામેનો તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે. જે હાલના કેસમાં ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ ન હોય તેથી  તેમ આ અદાલતનું માનવું છે. તેથી ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોવાનું આ અદાલત માને છે જેથી મુદ્દા નં.૧ પરત્વે નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નો આખરી નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

**- :: હુ ક મ :: -**

(૧) આ કામના આરોપી-**સચિનકુમાર મનોજકુમાર ઠાકુર, રહે.:  નામધા નવીનગરી , મુખુભાઈની ચાલ રૂમ નં.૦૩, તા.વાપી, જી.વલસાડ તથા મુળ રહે.: ઈજોત ગાવ, પોસ્ટ.દામુ, થાના.બંસોપાતી, જી.મધુબની બિહાર** નાઓને બી.એન. એસ.એસ ની કલમ-૨૭૧(૧) અન્વયે પ્રોહી. એકટ કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧

મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અગર આરોપીએ જામીનગીરીની રકમ રોકડમાં જમા કરાવેલ હોય તો અપીલ સમયમાં અપીલ ન થયેથી અપીલ સમય બાદ આરોપીને પરત કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૦/૦૬/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**( કીર્તિ.એસ. સોની)**
**એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ**
**UID no. GJ01649**

(Guj.Steno.JBM)